ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 15th July, 2019

પ્રતિ,

તંત્રી શ્રી,

.........................................................................,

ભાવનગર.

## કાલે મધ્યરાત્રીએ વર્ષનું સૌથી મોટું ખંડગ્રાસ ચંદ્રગ્રહણ

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પર સાંજે ૭:૦૦ થી ૮:૦૦ કલાક સચિત્ર વ્યાખ્યાન માહિતી,**

**રાત્રી દરમ્યાન તખ્તેશ્વર ખાતે ટેલીસ્કોપ દ્વારા નિદર્શન**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળ વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવી તેના પ્રત્યે લોક જાગૃતતા લાવવા હેતુ છેલ્લા ૧૭વર્ષથી વિવિધ અદભુત ખગોળીય ઘટનાને ટેલીસ્કોપની મદદથી લોકોને દેખાડવાના કાર્યક્રમો કરવામાં આવે છે.

અવકાશમાં રોજે રોજ બનતી અનેક અવકાશીય ઘટનાઓ કોઈને કોઈ રીતે દરેકને પોતાના તરફ આકર્ષતી રહી છે. આ ઘટનાઓ પૈકીની મોટા ભાગની ઘટનાઓ નરી આંખે નિહાળવી એ એક અદભુત લહાવો છે. આ દરેક ઘટના પાછળ રહેલું ખગોળ વિજ્ઞાન સતત આપણને પ્રેરતું રહ્યું છે. સુભાષ સરના જ્ઞાનપથને ખગોળપ્રેમી સુધી પહોચાડવા અને લોકોને ખગોળ વિજ્ઞાન તથા તેની સાથે જોડાયેલ રસપ્રદ ઘટનાઓથી માહિતગાર કરવાના હેતુથી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સત્તત કાર્યરત રહ્યું છે.

ભારતભરમાં દેખાનાર આ વર્ષનું સૌથી મોટું ખંડગ્રાસ ચંદ્રગ્રહણનો ભવ્ય નજારો લોકભોગ્ય બનાવવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સંચાલિત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા **તા:૧૬ જુલાઈ,૨૦૧૯ને ગુરુપૂર્ણિમાના દિવસે મધ્ય રાત્રિએ ૧૨:૧૩ કલાકથી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી તખ્તેશ્વર મહાદેવના મંદિર ખાતે ભાવનગરના બીજા નંબરના સૌથી મોટા ટેલીસ્કોપ 'સુભાષ -૧૨' અને ત્રણ ગેલેલીયન ટેલીસ્કોપ વડે** ભાવેણાની ખગોળપ્રેમી જનતા માટે ટેલિસ્કોપ દ્વારા આ ગ્રહણનું નિદર્શન કરાવવામાં આવશે.

આ કાર્યક્રમ વિશેની વિશેષ માહિતી અને સમજુતી માટે વિજ્ઞાન કેન્દ્ર દ્વારા **તા:૧૬ જુલાઈ,૨૦૧૯ને ગુરુપૂર્ણિમાના દિવસે સાંજે ૭:૦૦ કલાકથી ૮:૦૦ કલાક સુધી લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર પર સ્વ. પ્રો.સુભાષભાઈ મહેતાની જ્ઞાન વિચાર શ્રેણી મુજબ ગ્રહણ સાથે રહેલી માન્યતાઓ, શ્રદ્ધાઓ અને અંધશ્રદ્ધાઓ વિષે સચિત્ર વૈજ્ઞાનિક સમજુતી** લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના કોઓર્ડિનેટર શ્રી હર્ષદભાઈ જોષી દ્વારા આપવામાં આવશે. વધુ માહિતી અને નામની નોંધણી લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગર WhatsApp (88 66 570 111) પર કરાવી લેવા વિનંતી.

વર્ષના સૌથી મોટા ગ્રહણને નિહાળવા માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લા તથા શહેરની તમામ ખગોળપ્રેમી જનતાને જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

(હર્ષદ જોષી) 15-7-19 2 PM

કો-ઓર્ડીનેટર,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,ભાવનગર.

D:/2019-20//All Letter and Press Note 2019-20 /Press of KRCSC FL 2019-20